# આજ-કાલમાં વરસાદની આગાહી

## અમદાવાદ અને સૌરાષ્ટ્ર તથા ગુજરાત પ્રદેશમાં ગાજવીજની સાથે જ હળવા વરસાદી ઝાપટા પડવા માટેની આગાહી : મોનસુનને લઇને લોકોને ઇન્તજાર

અમદાવાદ, તા.૭

સૌરાષ્ટ્ર અને ગુજરાત પ્રદેશના કેટલાક ભાગોમાં છુટાછવાયા વરસાદ વચ્ચે આજે વાદળછાયુ વાતાવરણ આંશિકરીતે જોવા મળ્યું હતું જેથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. અમદાવાદમાં પણ પારો આજે ગગડ્યો હતો. જો કે, લોકો હાલ ભારે સાવચેતી રાખી રહ્યા છે. રાજ્યના સૌથી વધુ મહત્તમ તાપમાન ગાંધીનગરમાં ૪૦.૪ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ હળવા વરસાદી ઝાપટા પડ્યા છે. અમદાવાદમાં પણ આજે સવારે વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, વરસાદી ઝાપટા ગાજવીજ સાથે પડી શકે છે. ગુજરાત માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, સૌરાષ્ટ્ર-કચ્છ, દિવ, દમણ, દાદરાનગર હવેલીમાં કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

આજે આંશિક વાદળછાયુ વાતાવરણ વચ્ચે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૧ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વીવીનગરમાં ૩૯.૬, ગાંધીનગરમાં ૪૦.૪ સુધી પારો રહ્યો હતો. ગઈકાલની સરખામણીમાં આજે પારો ગગડ્યો હોવા છતાં અમદાવાદ સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે અમદાવાદ શહેરમાં હાલમાં ફુડ પોઈઝનીંગના બનાવોમાં વધારો થયો છે.આ ઉપરાંત ઠંડકવાળા સ્થળોએ આરામ કરવા,કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અંગે પણ સુચન કરવામાં આવ્યું છે. આ સાથે જ નાના બાળકો,વૃધ્ધો અને સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી લેવા અંગે પણ કહેવામાં આવ્યું છે. ઈમરજન્સીની પરિસ્થિતિમાં ૧૦૮નો સંપર્ક કરવા કહેવામાં આવ્યું છે. એકાએક ગરમી અને હવે આંશિક ઘટાડાના કારણે બાળકોને વધુ અસર થઈ છે. આજે સવારે વરસાદી વાદળા નજરે પડ્યા હતા પરંતુ થોડાક સમય બાદ જ આ વાદળા દેખાયા ન હતા. હીટવેવના કારણે હાલમાં લૂ લાગવાના બનાવો પણ વધ્યા છે.



માર્ગ અકસ્માત : પાટનગરમાં આજ-કાલ વધતા જતાં અકસ્માત ચિંતા ઉપજાવે છે. શહેરના ગ-માર્ગ પર મોડી રાત્રે કારચાલકે કાબુ ગુમાવતા ડીવાઈડર સાથે અથડાઈ અને કારે પલટી ખાધી હતી. ધડાકાભેર અથડાતા સર્જાયેલા અવાજથી નગરજનોના ટોળાં ઉમટ્યા હતા. કારચાલકે ગંભીર ઈજાઓ થયાના પ્રાથમિક અહેવાલો મળેલ છે.

# ગુરૂ ગોવિંદસિંહજીની ૩૫૦મી જન્મજયંતિ ગુજરાતમાં 'પ્રકાશ પર્વ મહોત્સવ' તરીકે ઉજવાશે

ગાંધીનગર, તા.૭

શીખ ધર્મના ૧૦મા અને અંતિમ ગુરૂ ગોવિંદસિંહજીની ૩૫૦મી જન્મજ્યંતિ 'પ્રકાશ પર્વ



મહોત્સવ' તરીકે ૧૧મી જૂને અમદાવાદના રિવર ફ્રન્ટ ખાતે ઉજવાશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શનમાં આ સમગ્ર આયોજનને આખરી ઓપ આપવા તાજેતરમાં બેઠક યોજવામાં આવી હતી.

તદઅનુસાર આગામી રવિવાર ૧૧ જૂને સવારે પાંચ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી અનેકવિધ કાર્યક્રમો પ્રકાશ પર્વ મહોત્સવ ઉજવણી તહેત ઉજવાશે.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે, ગુજરાત અને પંજાબ વચ્ચે વર્ષોથી ઐતિહાસિક સંબંધ રહેલો છે. ગુરૂ ગોવિંદસિંહના પાંચ શિષ્યો-પંજપ્યારેમાં પણ દ્વારકા-જામનગરના મોહકમસિંઘ એક ગુજરાતી શિષ્ય હતા અને તેમણે ગુરૂના આહવાનને પગલે ધર્મ માટે પોતાનું ધડ આપવાની પણ તૈયારી બતાવી હતી. સન ૧૭૦૫માં ચમકૌરના યુધ્ધમાં ગુજરાતના આ વીર મોહકમસિંઘે શહાદત વ્હોરી હતી તેને પણ આ પ્રકાશ મપર્વ મહોત્સવના કાર્યક્રમોમાં ઊજાગર કરાશે.

ગુજરાત સરકારે જામનગરની સરકારી હોસ્પિટલને પણ ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલ નામ આપીને આ શીખ ગુરૂનું યથોચિત ગૌરવ સન્માન કર્યુ છે.

પ્રકાશ પર્વ મહોત્સવ અંતર્ગત અમદાવાદમાં જે કાર્યક્રમો થવાના છે તેમાં રાજ્યના પ્રવાસન વિભાગનો સહયોગ મળ્યો છે.

આ કાર્યક્રમમાં ધાર્મિક સમાગમના કાર્યક્રમો યોજાશે જેમાં સ્વર્ણ મંદિર, પંજાબના અને દિલ્હીના કિર્તનકારો ભાગ લેશે તેમજ સર્વ ધર્મના ધર્મગુરૂઓ દ્વારા શીખ ધર્મ અંગે વિચારો વિશે પણ કાર્યક્રમ યોજાશે.

# અછતગ્રસ્ત વિસ્તારોમાં પાણી અને ઘાસચારાની વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૭

રાજયના અછત અને અસરગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણીની વ્યવસ્થામાં ક્યાંય પણ તૃટિ જણાઈ હોય અથવા અન્ય કોઈ કારણોસર વિક્ષેપ ઉભો થયો હોય તેવા ગામોમાં પીવાના પાણીનો પુરવઠો પુરો પડાઈ રહ્યો હોવાનુ મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. પીવાના પાણીના સંદર્ભમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણી સંબંધી ફરિયાદના ત્વરિત નિકાલ માટે ફોન અથવા રૂબરૂ સંપર્ક કરવાના અભિગમના પરિણામે જ્યાં પણ ફરિયાદ મળી હોય ત્યાં પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરવામાં આવી રહેલ છે. પીવાના પાણીના સંદર્ભમાં ચુડાસમાએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કચ્છ જિલ્લાના ટપ્પર ડેમમાં નર્મદાનું પાણી ઠલાવાતા તથા બોટાદ જિલ્લાના શુખભાદર ડેમમાં સિંચાઈ વિભાગે સૌની યોજના અંતર્ગત નર્મદાનું પાણી નાંખતા આસપાસના ગામડાઓમાં પાણીની સમસ્યા નોંધપાત્ર રીતે હળવી થઈ છે.

ચુડાસમાએ ઘાસચારા અંગે જણાવ્યું હતું કે ૧૯ જિલ્લાઓમાં રજિસ્ટર્ડ પાંજરાપોરના પશુધન માટે પશુદીઠ ૪ કિલોગ્રામ ઘાસ ૨ રૂપિયે કિલોના રાહત ભાવથી આપવાના કરાયેલા નિર્ણયના અનુસંધાને ઘાસચારો પુરો પાડવાની કામગીરી શરૂ થઈ ગઈ છે.

આજે ગાંધીનગર ખાતે રાજ્ય સરકારની અછત અંગેની પેટા સમિતિની મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા મંત્રીઓ સર્વ વન અને આદિજાતિ મંત્રી શબ્દશરણ તડવી, મુખ્ય સચિવ જે.એન. સિંહ તથા સંબાંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં પીવાના પાણી અને ઘાસચારાની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા અંતર્ગત રાજ્યના ૧૪ જિલ્લાઓ કચ્છ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, પાટણ, બનાસકાંઠા, તાપી, વલસાડના કુલ ૫૬ તાલુકાઓના ૨૭૬ ગામ તથા ૨૫૭ પરાઓમાં સાથે કુલ ૫૩૩ ગામ-પરાઓમાં ૩૨૬ ટેન્કર્સ મારફતે દૈનિક ૧૩૪૫ ફેરાથી સંબંધિત ગામોને પીવાના પાણીનો પૂરવઠો પૂરો પડાઈ રહ્યો છે.

# મોડાસામાં હીટ એન્ડ રનની ઘટના

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મેઘરજ ચોકડી બાયપાસ રોડ અને સહયોગ ચોકડી બાયપાસ રોડ અકસ્માત ઝોન બની ગયા છે. બન્ને બાયપાસ રોડ વાહનચાલકો અને રાહદારીઓ માટે ગોઝારો સાબીત થઈ રહ્યો છે. મંગળવારે રાત્રીના સુમારે બેકાબુ કાર ચાલકે પેલેટ હોટલે મેઘરજ રોડ બાયપાસ ચોકડી નજીકથી પસાર થતા પિતા-પુત્રને અડફેટે લઈ પિતાને કાર સાથે એકાદ કિલોમીટર અંતર સુધી ઢસડ્યા બાદ કાર પલટી જતા કારચાલક અને કાર સાથે ખેંચાયેલ વ્યક્તિ ફંગોળાઈ ગયો હતો. કાર સાથે ઢસડાયેલા વ્યક્તિને શરીરે ગંભીર ઈજાઓ થતા અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ નિર્દોષ પિતા-પુત્રને અકસ્માત સર્જનાર કાર પર ગુસ્સો ઉતારતા કારના ભુક્કા બોલાવી દીધા હતા. અકસ્માત સર્જી કાર ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની ફરિયાદ હજુ સુધી પોલીસ સ્ટેશનને ન નોંધાતા અનેક તર્ક-વિતર્ક.



સાયરા ગામના વતની અને મોડાસાની હરસિદ્ધિ સોસાયટીમાં રહેતા ભોગીભાઈ જેઠાભાઈ દરજી અને તેમનો પુત્ર મંગળવારે રાત્રે મેઘરજ રોડ ચોકડી બાયપાસ પર આવેલી હોટલ પેલેટ પાસેથી ચાલતા પસાર થતા હતા ત્યારે બેકાબુ બનેલી અને પૂરઝડપે પસાર થતી કારના ચાલકે પિતા-પુત્રને જોરદાર ટક્કર મારી અડફેટે લેતા પુત્ર રોડથી ૧૦ ફૂટ દૂર ફેંકાઈ ગયો હતો.


